# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા ખરીફ પાકો (મકાઇ અને સોયાબીન) ની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ વિષય ઉપર બે દિવસીય તાલીમ વર્ગ યોજાયો

---

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર ખાતે ચાલતી સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રીસર્ચ ઇન ઓલ એગ્રો ક્લાઇમેટીક ઝોન ઓફ એ.એ.યુ, યોજના અંતર્ગત તારીખ ૧૫/૦૬/૨૦૨૨ અને ૧૬/૦૬/૨૦૨૨ ના રોજ **ખરીફ પાકો (મકાઇ અને સોયાબીન) ની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ** વિષય ઉપર બે દિવસીય તાલીમ વર્ગનું અયોજન કરવામાં આવેલ. આ તાલીમ વર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટી ના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્રના વડા ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની વિવિધ પ્રવૃતિઓ વિશે ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. આ બે દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ ડૉ.વાય.બી.ચૌહાણ દ્વારા ચોમાસું પાકોમાં રોગ જીવાત નિયંત્રણ, ડૉ. સી. જે.પટેલ દ્વારા ચોમાસુ ઋતુ પુર્વની જમીનની તૈયારી અને આયોજન, ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા પ્રથમ હરોળનાં નિદર્શનની અગત્યતા, ડૉ.એ.વાય.માકાણી દ્વારા મકાઇ અને સોયબીનની વિવિધ નવીન જાતોની માહિતી અને ડૉ.એકતા.એચ.પંડ્યા દ્વારા મકાઇ અને સોયબીનની પોષણક્ષમ બનાવટો, જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . વધુમાં આ તાલીમ અંતર્ગત ૪૫ જેટલા ખેડૂતોને સોયાબીન તેમજ મકાઈની નવીંન જાતોના બિયારણ નિદશનના રૂપમાં આપવામાં આવ્યા. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન ડૉ.એચ.કે.દેસાઇ દ્વારા કરવામાં આવેલ જેમાં કુલ ૪૫ જેટલા પ્રગતિશીલ ખેડૂતોએ ભાગ લીધેલ.

